


પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૪) અંક નં. ૨૬૯ | ૧૧ ડિસેમ્બર, ૨૦૧૯, બુધવાર; માગસર સુદ - ૧૪ | પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦

# નાગરિકતા સુધારા બિલ મુદ્દે પૂર્વોત્તર રાજ્યોમાં ભડકો

**આસામ, મણિપુર, આંધ્રપ્રદેશ, ત્રિપુરામાં નાગરિકો રસ્તા પર ઉતર્યા : બંધ પાળી વિરોધ કર્યો : પોલીસનો પ્રદર્શનકારીઓ પર લાઠીચાર્જ : કર્ફ્યૂ લાગુ : જનજીવન ખોરવાયું : આસામી ફિલ્મી કલાકારો પણ વિરોધ પ્રદર્શનમાં જોડાયા : નોર્થ ઇસ્ટ સ્ટુડન્ટ્સ યુનિયન દ્વારા અપાયેલ બંધમાં લોકોએ રસ્તા પર ટાયરો સળગાવ્યા, સૂત્રોચ્ચાર કરી બિલ પાછુ લેવાની માંગ કરી, ગુવાહાટી-ડિબ્રૂગઢ યુનિ.માં આજે યોજાનારી તમામ પરીક્ષાઓ રદ્દ**

ગૌહાટી,મિઝોરમ,તા.૧૦

કેન્દ્રમાં મોદી સરકારના ભારે વિવાદી અને ભારતના રાજકારણમાં વર્ષો સુધી દૂરોગામી વમળો પેદા કરનાર નાગરિક્તા સુધારા બિલ(સીએબી)ની સામે ભારતના સેવન સીસ્ટર તરીકે ઓળખાતા પૂર્વોત્તરના રાજ્યોમાં ભારે ઉગ્ર વિરોધ શરૂ થઈ ગયો છે. નોર્થ ઈસ્ટ સ્ટુડન્ટ્સ યુનિયન(એનઈએસયુ) દ્વારા બંધનું એલાન આપવામાં આવ્યું છે. ગુવાહાટી યુનિવર્સિટી અને ડિબ્રુગઢ યુનિવર્સિટીએ બુધવારે યોજાનારી તમામ પરીક્ષાઓ રદ કરી હતી. બંધને કારણે આસામ, મણિપુર, અરુણાચલ પ્રદેશ, ત્રિપુરામાં સામાન્ય જનજીવન પ્રભાવિત થયું હતું. રેલ્વેને પણ અસર થઈ છે.પૂર્વોત્તર રાજ્યોના મૂળ રહેવાસીઓને ડર છે કે બિલમાં જેમને ભારતનું નાગરિકત્વ મળવાનું છે તેવા બીજા દેશોમાંથી આવેલા હિન્દુ-બૌધ્ધ-સિખ-ખ્રિસ્તી વગેરે. સમુદાયના લોકોના તેમના રાજ્યોમાં પ્રવેશથી તેમની સાંસ્કૃતિક ઓળખ અને સ્થાનિક આજીવિકા, રહેણી કરણી વગેરે જોખમમાં મૂકાઈ શકે છે.રાજધાની નવી દિલ્હીમાં પણ અનેક સંગઠનોએ દેખાવો કર્યા હતા. અન્ય ઘણી સંસ્થાઓ અને રાજકીય પક્ષોએ પણ આને ટેકો આપ્યો છે.






આ બંધની હાકલને ધ્યાનમાં રાખીને આસામ, અરુણાચલ પ્રદેશ, મેઘાલય, મિઝોરમ અને ત્રિપુરામાં સુરક્ષા વધારી દેવામાં આવી છે.જો કે નાગાલેન્ડમાં ચાલી રહેલા હોર્નબિલ સ્થાનિક ફેસ્ટિવલને કારણે રાજ્યને ‘‘બંધ’’માંથી બહાર રાખવામાં આવ્યું છે. ૨૦૧૬માં આ રાજ્યોના ભારે વિરોધને કારણે જ તે વખતે આ બિલ પસાર થઈ શક્યું નહોતું. આ વખતે પણ ભારે વિરોધ શરૂ થયો છે.

● અનુસંધાન પાન-૭ પર

## રાજ્યસભામાં પક્ષોના આંકડા

| | |
|---|---|
| કુલ સીટ ક્ષમતા | ૨૪૫ |
| કુલ સંખ્યા | ૨૪૦ |
| બહુમતિ માટે સંખ્યા | ૧૨૧ |
| એનડીએની સંખ્યા | ૧૦૬ |
| યુપીએની સંખ્યા | ૬૨ |
| બિન યુપીએ-એનડીએ સભ્યો | ૪૪ |
| બિન યુપીએ-એનડીએ બિલની તરફેણમાં | ૨૮ |
| નોમિનેશન સભ્યો ભાજપમાં | ૦૮ |
| નોમિનેશન સભ્યો બિલની તરફેણમાં | ૦૩ |

# આજે નાગરિકતા સુધારા બિલ રાજ્યસભામાં

**એનડીએ સરકાર પાસે રાજ્યસભામાં બહુમતિ નહીં હોવાથી આકરી કસોટી થઇ શકે : બિલ પાસ કરાવવાના પ્રયાસો : બહુમતિ માટે ૧૨૧ સભ્યો જરૂરી**

નવીદિલ્હી, તા. ૧૦

ભારે ચર્ચા જગાવનાર નાગરિક સુધારા બિલને આવતીકાલે સંસદમાં ઉપલા ગૃહ રાજ્યસભામાં રજૂ કરવામાં આવશે. રાજ્યસભામાં શાસક ગઠબંધન એનડીએ માટે ખુબ મુશ્કેલી નડી શકે છે. એમ માનવામાં આવી રહ્યું છે કે, સરકાર જે રીતે ત્રિપલ તલાક બિલ અને કલમ ૩૭૦ને ખતમ કરવાને લઈને બિલને પાસ કરવામાં સફળ રહ્યું હતું તેવી જ રીતે આ મામલામાં પણ સરકાર સફળ થઈ જશે. નાગરિક સુધારા બિલ ઉપર સંસદની મંજુરીની ખાતરી કરવા માટે સરકાર સંપૂર્ણ સજ્જ દેખાઈ રહી છે. સોમવારે મોડી રાત્રે લોકસભામાં આ બિલ ૮૦ની સરખામણીમાં ૩૧૧ મતથી પાસ થઈ ગયું હતું. રાજ્યસભામાં શાસક એનડીએ પાસે બહુમતિ નથી પરંતુ કેટલીક પાર્ટીઓ તેને સમર્થન કરી શકે છે. કેટલાક બિન એનડીએ પક્ષો લોકસભામાં પણ મતદાન દરમિયાન બિલની તરફેણમાં મતદાન કરી ચુક્યા છે. પાકિસ્તાન, અફઘાનિસ્તાન અને બાંગ્લાદેશના બિન મુસ્લિમ શરણાર્થીઓ માટે ભારતમાં નાગરિકતાનો રસ્તો સાફ કરનાર નાગરિક સુધારા બિલ ઉપર રાજ્યસભામાં મુખ્ય પરીક્ષા થનાર છે. આ બિલ રાજ્યસભામાં આવતીકાલે બુધવારના દિવસે રજૂ

● અનુસંધાન પાન-૭ પર

## ન્યુઝ ટ્રેક

### લગ્ન જેવા પ્રસંગે હવે ફાયરીંગ નહી કરી શકાય

લોકસભામાં ગૃહમંત્રી અમિત શાહે આયુધ (સુધારા) બિલ, ૨૦૧૯ રજૂ કર્યુ છે. આ કાયદો મુખ્યત્વે હથિયારના ઉપોયગ અને લે-વેચની પ્રવૃત્તિ સાથે સંકળાયેલો છે. લગ્ન કે અન્ય સામાજિક, રાજકીય ઉજવણી સમયે થતુ ફાયરીંગ હવે બે વર્ષની સજા કરાવી શકે છે અથવા એક લાખનો દંડ કરાવી શકે છે.

### ૨ હજારની નોટ પાછી નહી ખેંચાય

સરકાર ૨ હજારની ચલણી નોટ પાછી ખેંચવા જઈ રહી છે તેવા અહેવાલોને નકારી રાજયકક્ષાના નાણા પ્રધાન અનુરાગ ઠાકુરે જણાવ્યુ છે કે સરકાર આવી કોઈ યોજના ધરાવતી નથી. ૨ હજારની નોટ વ્યવહારમાંથી પાછી નહી ખેંચાય.

### કાળા ધન મામલે સરકાર અજાણ

કાળા ધનના કારણે વારંવાર રાજકીય નિવેદનો સાંભળવા મળે છે. કેન્દ્રિય વિત્ત રાજયમંત્રી અનુરાગસિંહ ઠાકુરે રાજ્યસભામાં એકરાર કર્યો છે કે દેશ વિદેશમાં કેટલુ કાળુ ધન છે તેનુ કોઈ અનુમાન સરકારને નથી.

### ભારત-રશિયા સંયુક્ત લશ્કરી કવાયતનો પ્રારંભ

ભારત અને રશિયા વચ્ચે સેનાની ત્રણેય પાંખ વચ્ચેની લશ્કરી કવાયત ‘ઈન્દ્રા’નો પ્રારંભ થયો છે. આ કવાયતથી લશ્કરી પાંખોને નવી ટેકનોલોજી વિશે જાણવા મળશે.

### નિર્ભયા કાંડના આરોપીની પુર્નવિચાર અપીલ દાખલ

દેશના ચકચારી નિર્ભયા રેપકાંડના આરોપી અક્ષયકુમારસિંહે સુપ્રિમ કોર્ટમાં સજા મામલે પુર્નવિચાર અપીલ દાખલ કરી છે. આ અરજીમાં તેણે જાતભાતની દલીલો કરી છે અને કહ્યુ છે કે દિલ્હી ગેસ ચેમ્બર બની રહ્યુ છે. પ્રદૂષણથી ઉંમર ઓછી થઈ રહી છે. ત્યારે તેમને ફાંસી મળવી ન જોઈએ.

## હૈદરાબાદ એન્કાઉન્ટરના બે આરોપીઓ સગીર હોવાનો પરિવારનો દાવો

**આરોપીઓના પરિવારના લોકોએ આક્ષેપ કર્યો છે કે, પોલીસે ફેક એન્કાાઉન્ટરમાં તેમના પુત્રોને મારી નાંખ્યા**

હૈદરાબાદ,તા.૧૦

હૈદરાબાદ રેપ અને હત્યા કેસના આરોપીઓનો એક્રાઉન્ટર વિવાદ હજુ પણ સમ્યો નથી. પોલીસ એક્રાઉન્ટરમાં માર્યા ગયેલા ચારમાંથી બે આરોપીઓના પરિવારજનોએ દાવો કર્યો છે કે, તેઓ સગીર હતા. રાષ્ટ્રીય માનવાધિકાર આયોગ (એનએચઆરસી)ની સામે પણ પરિવારે આક્ષેપ કર્યો હતો કે ચારેયને એક બનાવટી એક્રાઉન્ટરમાં મારી નાંખવામાં આવ્યા છે. ચાર આરોપીમાંથી બે આરોપી નવીન અને શિવા ટ્રક ક્લીનર હતા, જ્યારે અરીફ અને ચેન્નાકેશવુલુ ટ્રક ચલાવતા હતા.

ચાર આરોપીઓ પૈકી એક નવીનની માતા લક્ષ્મીએ જણાવ્યું હતું કે, નવીન મારો એકમાત્ર પુત્ર

## કાશ્મીરમાં નોર્મલ પણ કોંગ્રેસમાં નોર્મલ સ્થિતિ નથી : અમિત શાહ

**નેતાઓની ચિંતા કોંગ્રેસને વધારે સતાવે છે : લીડરોની ચિંતા કરવાના બદલામાં સામાન્ય લોકોની ચિંતા કરવા કોંગીને સલાહ : ફોન કરી તંત્રને નિર્દેશ કરતા નથી**

નવીદિલ્હી, તા.૧૦

લોકસભામાં મંગળવારના દિવસે ગૃહમંત્રી અમિત શાહ દ્વારા કોંગ્રેસને રાજકીય નેતાઓથી વધારે સામાન્ય લોકોની ચિંતા કરવાની આજે સલાહ આપી હતી અને કહ્યું હતુ કે, નેતાઓને કસ્ટડીમાંથી છોડવાનો નિર્ણય સ્થાનિક વહીવટીતંત્ર તરફથી લેવામાં આવશે. લોકસભામાં કોંગ્રેસના નેતા અધિર રંજન ચૌધરીના પુરક પ્રશ્નોના જવાબમાં કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે કહ્યું હતું કે, જમ્મુ કાશ્મીરમાં કસ્ટડીમાં લેવામાં આવેલા નેતાઓને છોડવાનો નિર્ણય સ્થાનિક વહીવટીતંત્ર તરફથી લેવામાં આવશે તથા ત્યાના મામલામાં કેન્દ્ર સરકાર દરમિયાનગીરી કરતી નથી.

● અનુસંધાન પાન-૭ પર

## દેશમાં કારનું વેચાણ ૧૧ ટકા, દ્વિ-ચક્રીય વાહનોનું વેચાણ ૧૪ ટકા ઘટ્યું

ન્યુ દિલ્હી,તા.૧૦

આર્થિક મંદીની સાથે ટેક્નિકલ કટોકટીનો સામનો કરી રહેલ દેશના ઓટો સેક્ટરની મંદ સ્થિતિનો વધુ એક પુરાવો મંગળવારે જોવા મળ્યો છે. દેશના કાર અને મોટરસાઈકલના વેચાણમાં નવેમ્બર માસમાં નોંધપાત્ર ઘટાડો નોંધાયો છે. ઘરેલું પેસેન્જર કારનું વેચાણ ગત વર્ષના નવેમ્બર માસના ૨,૬૬,૦૦૦ યુનિટની સામે આ વર્ષે ૦.૮૪% ઘટીને ૨,૬૩,૭૭૩ યુનિટ રહ્યું છે.

ઘરેલું કાર વેચાણ નવેમ્બર, ૨૦૧૮માં ૧,૭૯,૭૮૩ યુનિટ રહ્યું છે,જે નવેમ્બર, ૨૦૧૯માં ૧,૬૦,૩૦૬ યુનિટ રહ્યું છે એટલેકે વાર્ષિક ૧૦.૮૩%નો ઘટાડો કારના વેચાણમાં જોવા મળ્યો છે,તેમ એસઆઈએએમએ એક રીપોર્ટમાં કહ્યું છે.

મોટરસાઈકલનું વેચાણ પણ ૧૪.૮૭% ઘટીને ૮,૯૩,૫૩૮ યુનિટ રહ્યું છે.







